
# REPORT ON SSIP AWARENESS SEMINAR

**તારીખ:- 20/07/2023**
**સમય:- 09:00 થી 10:00**
**સ્થળ:- રૂમ નં- 22**

એમ. પી. શાહ વિનયન અને વિજ્ઞાન કોલેજ, સુરેન્દ્રનગરની SSIP-IPR સમિતી તથા ઇનોવેશન ક્લબ દ્વારા એફ.વાય.બી.એ.નાં વિદ્યાર્થીઓ માટે **તારીખ: 20/7/2023** નાં રોજ કોલેજ ખાતે "**SSIP 2.0 પોલીસી અને ઇનોવેશન**" વિષય આધારીત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 71 વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

સેમિનાર અંતર્ગત કોલેજમાં કાર્યરત SSIP-IPR સમિતીના સભ્ય તથા ઇનોવેશન ઓફીસર ડો. પાર્થ એસ. શર્મા દ્વારા પ્રથમ વર્ષનાં બી.એ.નાં વિદ્યાર્થીઓને કોલેજમાં ચાલતી SSIP-IPR સમિતી અને INNOVATION CLUBનાં કાર્યો અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. તેઓએ વિદ્યાર્થીઓને SSIP અને ઇનોવેશન ક્લબ પાછળના હેતુ બાબતે, DIY કીટ્સની સમજ અંગે, સમસ્યાઓની ઓળખ અંગે, સમસ્યાઓના નિવારણ માટે ઇનોવેટીવ આઇડીયાની આવશ્યકતા વિષે, નવીન વિચાર સાકાર કરવાની રીતો બાબતે; SSIP 2.0 પોલીસી તથા તેનાં અંતર્ગત ઇનોવેટીવ આઇડીયા માટે માહીતી ક્ષેત્રે, માર્ગદર્શન ક્ષેત્રે તથા આર્થીક ક્ષેત્રે સરકારશ્રી તરફથી મળતી સવલતો વિષે માહીતી આપી હતી. તેઓએ હાલનાં સમયમાં સ્ટાર્ટ-અપનું મહત્વ સમજાવી, ઇનોવેશનને સ્ટાર્ટ-અપમાં ફેરવી રોજગાર ક્ષેત્રે સમાજને ઉપયોગી થવા માટે વિદ્યાર્થીઓને પ્રેર્યા હતાં.






*****

(જે. એલ. સાયપરા)
SSIP & ઇનોવેશન ક્લબ કો-ઓર્ડીનેટર
એમ. પી. શાહ આર્ટ્સ & સાયન્સ કોલેજ
સુરેન્દ્રનગર

આચાર્યશ્રી
એમ. પી. શાહ આર્ટ્સ & સાયન્સ કોલેજ
સુરેન્દ્રનગર